| | |
|---|---|
| | દાખલ થયા તારીખ:– ૧૭/૦૯/૨૦૨૫ |
| | રજીસ્ટર થયા તારીખ:– ૧૭/૦૯/૨૦૨૫ |
| | જાહેર કર્યા તારીખ:– ૧૨/૦૩/૨૦૨૬ |
| | સમય:–વર્ષ: ૦૦, માસ:૦૫,દિવસ: ૨૫ |

सत्यमेव जयते

**<u>મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ તિલકવાડા, જી.નર્મદા</u>**

**ફોજદારી કેસ નંબર:– ૮૨૦/૨૦૨૫**
**આંક:–**

**<u>ફરીયાદી</u>:–** **<u>શ્રી સ ર કા ર</u>**

**:–<u>વિરૂઘ્ધ</u>–:**

**<u>તહોમતદાર</u>:–** ઠાકોરભાઈ વજેસીંગભાઈ બારીયા
રહે.તલાવપુરા,તા.તિલકવાડા,જી.નર્મદા

**<u>ગુનો : ગુજરાત પ્રોહી એકટની કલમ:–૮૫(૧) મુજબ.</u>**

––––––––––––––––––––––––––––––––
ફરિયાદી પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ.એ.વસાવા
––––––––––––––––––––––––––––––––

**:: ઠ રા વ ::**

---

(૧) ફરીયાદ પક્ષની હાલની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૧/૦૪/૨૦૨૫ ના કલાક ૦૩/૫૫ વાગે મોજે તિલકવાડા પોસ્ટે કમ્પાઉન્ડમાં જાહેર મા ગે.કા.રીતે વગર પાસ પરમીટનો દારૂ પી નશો કરેલી હાલતમાં લવારા કરતો લથડીયા ખાતો મળી આવી

પકડાઇ જઈ પ્રોહી.એક્ટની કલમ:-૮૫(૧) મુજબનો ગુનો કરતા તે અન્વયેની તેઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ તિલકવાડા પો.સ્ટે.માં ગુ.ર.નં . સી ૧૧૮૨૩૦૨૫૨૫૦૪૦૫/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા હાલના ગુના સબબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) રજુ કરવામાં આવેલ ચાર્જશીટ અંગે ગુનાનું સંજ્ઞાન લઈ, અને ચાર્જશીટ દાખલ કરી આ કામના આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૪ અન્વયે સમન્સ કરવામાં આવતાં, સદર આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ. આરોપી હાજર થતાં તેઓને હાલના ચાર્જસીટ સંલગ્ન તમામ તપાસના કાગળો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. તેમજ આ કામે આરોપી સામે આંક-૩ થી તહોમતનામુ ફરમાવી આંક-૪ થી પ્લી નોંધવામાં આવતા તેઓએ હાલના ગુનાનો ઈન્કાર કરી, આક્ષેપીત ગુનાની કાર્યવાહી આગળ ચલાવવા તથા તેમાં પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોવાનું જાહેર કરતા, આક્ષેપીત ગુનાની કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવા**

| *ક્રમ* | *વિગત* | *આંક* |
|---|---|---|
| ૧ | પંચસાહેદ અનિલભાઈ અરવિંદભાઈની જુબાની | ૭ |
| ૨ | પંચસાહેદ સુરેશભાઈ શંકરભાઈ ભીલની જુબાની | ૫ |
| ૩ | ત.ક.અમલદાર નરેન્દ્રભાઈ છટીયાભાઈની જુબાની | ૮ |
| ૪ | ડો.શ્રી સેલ્જાની જુબાની | ૧૫ |

## <u>દસ્તાવેજી પુરાવા</u>

| *<u>ક્રમ</u>* | *<u>વિગત</u>* | *<u>આંક</u>* |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૬ |
| ૨ | અસલ ફરીયાદ | ૯ |
| ૩ | ફોર્મ–એ | ૧૧ |
| ૪ | ફોર્મ–બી | ૧૬ |
| ૫ | ફોર્મ–સી | ૧૭ |
| ૬ | પોલીસ ચાદી | ૧૮ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ: ૩૧૩ હેઠળના વધારાના નીવેદનો લેવા જેટલો પુરાવો હોય આરોપીનું વિષેશ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં તેઓએ વિશેષમાં તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી.

(૪) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે અમારા નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

*(૧)* શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,

આ કામના આરોપીએ તા.૨૧/૦૪/૨૦૨૫ ના કલાક ૦૩/૫૫ વાગે મોજે તિલકવાડા પોસ્ટે કમ્પાઉન્ડમાં જાહેર મા ગે.કા.રીતે વગર પાસ પરમીટનો દારૂ પી નશો કરેલી હાલત માં લવારા કરતો લથડીયા ખાતો મળી આવી પકડાઇ જઈ પ્રોહી.એકટની કલમ:–૮૫(૧) મુજબનો ગુનો *કરેલ છે ?*

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**// નિ ર્ણ યો //**

૧. ન કા ર

૨. આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**મુદા નં.૧ :–**

(૭) સદર કામે ફરીયાદપક્ષે આરોપીના શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદ અનિલભાઈ અરવિંદભાઈ વસાવાને આંક–૭ થી અને અન્ય પંચસાહેદ સુરેશભાઈ શંકરભાઈ ભીલને આંક–૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૬ થી રજુ આરોપીના શરીર સ્થિતિના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓ તેમની જુબાનીમાં રજુ થયેલ આરોપીના શરીર સ્થિતિનુ પંચનામુ જોઈ તેમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ ફરીયાદ પક્ષના પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતાં ન હોય ફરીયાદ પક્ષે તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને પંચનામામાં માત્ર સહી પુરતી જ હકીકતો જણાવે છે. આ સંજોગોમાં સદર પંચ સાહેદ નો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરુપ બની શકે તેમ નથી.

(૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ત.ક.અમલદાર નરેન્દ્રભાઈ છટીયાભાઈને આંક–૮ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૯ થી રજુ ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ડો.

શ્રી સેલ્જાને આંક–૧૫ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં તેઓએ કરેલ કામગીરીને અનુરૂપ તેમજ ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૧૧ થી રજુ ફોર્મ–એ,આંક–૧૬ થી રજુ ફોર્મ–બી અને આંક–૧૭ થી રજુ ફોર્મ સી ની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

**(૯)** આ કામે હાલના આરોપી સામે પ્રોહી એકટની કલમઃ– ૮૫(૧) આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આ કામના ફરીયાદ પક્ષ ઉપરોકત આક્ષેપીત ગુનાના નીચે મુજબના આવશ્યક કાયદાકીય તત્વો પુરવાર કરવાના રહે છે.

૧) આ કામના આરોપી દારૂ પીને છાટકો બનેલ.

૨) આ કામના આરોપી એ એવી જગ્યાએ છાટકો બનેલ કે જે જગ્યા લોકોની અવર જવર માટે ઉપયોગ થતી હતી કે જયાંથી લોકો અવર જવર કરી શકે તેવી સાર્વજનીક જગ્યાએ છાટકો બનેલ.

૩) આરોપી આવી જગ્યાએ ઝઘડો કરી, અપશબ્દવાળી કરી, ગેરશિષ્ટ ભાષાનો ઉપયોગ, બીજા સાથે મારામારી, અથવા કોઈ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરી, અશ્લીલ ચેનચાળા કરી રહેલ.

**(૧૦)** પ્રોહીબીશન મેડીકલ એકઝામીશન બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ મુજબ નિયમો નકકી કરવામાં આવેલ છે જેમાં લોહી એકત્ર કરવાની અને આગળ મોકલવાની રીત રૂલ–૪ માં દર્શાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

*4. Manner of collection and forwarding of blood*

*(1) The registered medical practitioner shall use a*

*syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.*

*(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.*

**(૧૧)** આમ, ઉપરોકત જોગવાઈ મુજબ લોહી એકત્ર કરવાની સેમ્પલ મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ સદર હકીકતથી ફરીયાદ પક્ષનો કેસ શંકાસ્પદ ગણી શકાય કે કેમ ? તે સંદર્ભમાં અત્રેની અદાલતને

ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન નં. ૨૦૫/૧૯૭૦ નો મલાહાવરાવ ભગવાનદાસ  ખરાડે વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાન ઉપર છે, જે ચુકાદાને માનપુર્વક ધ્યાને લેવામાં આવે તો પારા-૫ માં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, ડોકટરશ્રીએ તેઓની જુબાનીમાં લોહી લેતી વખતે આલ્કોહોલ ટચ કરેલ નથી તે જણાવવુ જોઈએ. આ એક મેન્ડેટરી રૂલ છે. જે ચુકાદાનો પેરા-૫ રીલેવન્ટ પાર્ટ નીચે મુજબ છે.

*Case Name: MALAHAVARAO BHAGWANDAS KHARADE Vs. STATE*

*( 5 )  RULE 4 (2) of the Rules provides - the sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection................; and what is more important is that he has not stated that he had not allowed alcohol to touch at any stage while withdrawing the blood from the body of the person. This is equally a mandatory rule since the percentage of the alcohol is bound to increase if the alcohol was allowed to touch the syringe or any receptacle in which blood was drawn.*

**(૧૨)** ઉપરોકત ચુકાદા તથા હકીકતોને ધ્યાને લેતાં ફરીયાદપક્ષનાં સાહેદ ધ્વારા નિયમ-૪ ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે તે મુજબ ડોકટરશ્રી નિયમ-૪ નું પાલન કર્યા અંગે વિસ્તૃત પુરાવો આપતા હોય ત્યારે લોહી કલેકટ કરતી વખતે તેઓએ આલ્કોહોલને સ્પર્શ કરેલ નથી, અંગેનો પુરાવો આપવો જોઈએ તેવો પુરાવો કોઈ રેકર્ડ પર જણાતો નથી, જેથી

નિયમ–૪ નું પુરતુ પાલન થયેલ નથી તેવુ માનવાને રહે છે.

**(૧૩)** ફરીયાદીની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી દારૂ પીને જાહેરમાં લવારા કરતો જણાઈ આવેલ. પરંતુ તે પહેલા આ આરોપી કઈ જગ્યાએ છાટકા બની ઉપદ્રવ બચાવી રહેલ હોય કે ઉપરોકત કાયદાકીય તત્વો મુજબનું કોઈ કૃત્ય કરી રહેલ હોવાની હકીકતને સમર્થનકારક હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા છે.

**(૧૪)**ફોજદારી કેસમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે, જયારે કોઈ પીનલ પ્રોવીઝનના અનુસંધાને કોઈ મેન્ડેટરી રૂલ નકકી કરવામા આવેલ હોય, ત્યારે તે રૂલનું યોગ્ય રીતે પાલન કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની જવાબદારી પણ પ્રોસીકયુશનની હોય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદા મુજબ ફરીયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ ગણી શકાય અને આ હકીકત ન જણાવવાને લીધે તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે, રૂલ–૪ માં મેન્ડેટરી પ્રોવીઝન્સનું પાલન થયેલ છે કે કેમ ? તે શંકાસ્પદ છે ત્યારે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૫)** આમ, આ કામે જે ડૉકટરશ્રીનો પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરી એવી રજુઆત કરવામાં આવેલ છે એ સદર તબીબી અધિકારીશ્રી ધ્વારા કાર્યવાહી કરી અને રૂલ ૪ ના નિયમ મુજબ લોહીના નુમના મેળવી પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવેલ હતા ત્યારે ફરીયાદ પક્ષે એ બાબત પણ નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે, આ લોહીના નમુના લેતા સમયે રૂલ૪ માં જણાવ્યા મુજબની તમામ તકેદારી રાખી અને આ નમુના મેળવવામાં આવેલ અને તેને યોગ્ય રીતે સીલ કરી, પ્રીઝર્વ કરી એફ. એસ. એલ. સુધી પહોચાડવામાં આવેલ હતા. ત્યારે આ કામે હાલના તબીબી અધિકારીશ્રીઓ પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ ધ્વારા લોહીના નમુના લેવામાં આવેલ તેને

જાળવણીમાં અને તેને સીલ કરવામાં ઘણી ક્ષતિ જણાઈ આવેલ છે. ત્યારે આ કામે હાલના આરોપીના જે પૃથ્થકરણના હેતુમાટે જે લોહીના નમુના લેવામાં આવેલ છે તેમાં રહેલી ખામીઓનો લાભ મેળવવા આરોપી હકકદાર બનતા હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

**(૧૬)** ત્યારે ઉપરોકત કાયદાકીય આવશ્યક તત્વો સાથે આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાકીય રીતે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે આ કામે હાલના આરોપી ધ્વારા દારૂ પીધેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. હાલના કામે ફરિયાદી તથા તપાસ કરનાર અમલદારે સમર્થનકારક જુબાની આપેલ છે, પરંતુ તેઓ પોલીસ સાહેદ છે જેઓ હીત ધરાવતા સાહેદ ગણી શકાય.જેની જુબાની માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૭)** ત્યારે આ કામે ફરીયાદી ધ્વારા જે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો પણ આ કામના આરોપી દારૂ પીધેલી હાલતમાં મળી આવેલ તેમજ દારૂ પીને શું ઉપદ્રવ કરી રહેલ, કોની સાથે ઝઘડો કે મારામારી કરી અથવા તો કઈ સ્ત્રી સાથે અસભ્ય વર્તન કરી રહેલ હોવા બાબતે કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી. પરંતુ ફરીયાદ પક્ષે માત્ર એવી હકીકત આધારે હાલની ફરીયાદ આપવામાં આવેલ છે કે આ કામનો આરોપી દારૂ પીને છાટકો બની લવારો કરતો પકડાયેલ છે. પરંતું કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષે જે હકીકતો આધારે હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે આક્ષેપીત ગુનાને પ્રથમદર્શનીય રીતે આર્કષતા ન હોવાનું મારૂ નમ્રપણે માનવુ છે.

**(૧૮)**આમ, આ કામે ફરીયાદ પક્ષ આ કામના આરોપીએ પ્રોહી.એકટની કલમ:- ૮૫(૧) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર

કરવામાં નિષ્ફળ જતા હોય, મુદ્દા નંબરઃ-૧ નો જવાબ ''નકારમાં'' આપી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

આ કામના આરોપી ઠાકોરભાઇ વજેસીંગભાઇ બારીયા, રહે.તલાવપુરા,તા.તિલકવાડા,જી.નર્મદાને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ- ૨૪૮(૧) અન્વયે પ્રોહી.એકટની કલમ-૮૫(૧) નાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે આરોપી એ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમયમર્યાદા માટે આરોપીનાં અગાઉનાં જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી, માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ: તિલકવાડા

(મહેશ લાખાભાઈ ચોથાણી)
જ્યુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તિલકવાડા, જી.નર્મદા
જી.જે.૦૧૪૩૮